ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

રાઈટ ટુ એજયુકેશન અન્વયે ત્રણ વર્ષમાં પ્રથમવાર લક્ષ્યાંક સિધ્ધ

જિલ્લામાં ૨૦૦ વિધાર્થીઓને પ્રવેશ અપાયો

ગાંધીનગર તા ૨૭

રાઈટ એજયુકેશન એકટ અન્વયે જિલ્લામાં પ્રથમવાર લક્ષ્યઆંક હાંસલ કરી શકાયો છે.જિલ્લામાંથી ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ વિધાર્થીઓને ગ્રાન્ટેડ શાળાઓમાં વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવ્યો છે.જયારે આ અન્વયે વધુ ૧૦૦ વિધાર્થીઓને પ્રવેશ આપવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

રાજયમાં જરૂરિયાતમંદ વિધાર્થીઓને ખાનગી શાળાઓમાં વિના મુલ્યે પ્રાથમિક શિક્ષણ પુરુ પાડવા સરકાર દ્વારા રાઈટ ટુ એજયુકેશનની યોજના શરૂ કરવામાં આવી છે.જયારે ગાંધીનગર જિલ્લામાં આ યોજના અન્વયે નબળુ ચિત્ર ઉપસી આવતા ચિંતા પ્રવર્તી હતી. છેલ્લા ત્રણ વર્ષથી આ મામલે શિક્ષણ તંત્ર લક્ષ્યાંક સિધ્ધ કરી ન શકતા સમાજમાં જાગૃતિ કેળવવા મજબૂત પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા.

થોડા સમય અગાઉ આ અંગે કલેકટરની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.જયારે વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે તેવા પ્રયાસો હાથ ધરાયા હતા. રાઈટ ટુ એજયુકેશન અન્વયે જરૂરિયાતમંદ વિધાર્થીઓને ખાનગી શાળોઓમાં વિના મુલ્યે ધોરણ ૧ થી ૮ માં શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. જયારે વિધાર્થીઓને પુસ્તકો ઉપરાંત સ્કુલ ડ્રેસ તેમજ શાળાએ અવર જવર કરવા માટેનો ખર્ચ પણ ચુકવવામાં આવે છે. જિલ્લામાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ૨૦૦ જેટલા વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

જિલ્લા શિક્ષણ તંત્રના પ્રયાસના અંતે છેલ્લા ત્રણ વર્ષમાં પ્રથમવાર આ યોજનાનો લક્ષ્યાંક સિધ્ધ કરી શકાયો છે.બીજીતરફ રાઈટ ટુ એજયુકેશન અન્વયે જિલ્લામાં વધુ ૧૦૦ વિધાર્થીઓને સમાવી શકાય તે માટે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા શિક્ષણ વિભાગને દરખાસ્ત કરી દેવાઈ છે.આગામી દિવસોમાં આ દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ અન્ય વિધાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવશે.

શહેરમાં વધતો ઉકળાટ

આકાશમાં છુટા છવાયાં વાદળો પણ વીખરાતાં ગરમીનો માહોલ : મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સે. : વાતાવરણમાં ભેજનું મહત્તમ પ્રમાણ ૮૫ ટકા : ખાબોચિયાંઓમાં ભરાઈ રહેલા વરસાદી પાણીથી મચ્છરનો ઉપદ્રવ વધ્યો : જંતુનાશક દવાનો છંટકાવ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં આજે વાતાવરણમાં ગરમીનો મહત્તમ આંક ૩૬ ડિગ્રી સે. સુધી પહોંચ્યો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી સે. એ અટક્યું હતું. દિવસ દરમ્યાન આજે નગરજનોએ ભારે ઉકળાટ અનુભવ્યો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૫ ટકા હતુ જે સાંજે પણ ઘટીને ૫૨ ટકા સુધી રહેવા પામ્યું હતું.

નગરજનો મેઘરાજાની મહેર માટે ચાતક નજરે વાટ જોઈ રહ્યા હતા ત્યારે ત્રણ દિવસ પહેલા વરસેલા વરસાદથી નગરજનો રોમાંચિત થઈ ગયા હતા અને સર્વત્ર આનંદ ફેલાઈ જવા પામ્યો હતો. સીઝનનો પહેલો વરસાદ પ્રારંભે જ સારો રહેતા ચોમાસું બેસી જશે તેવી નગરજનોને આશા બંધાઈ હતી પરંતુ બીજા જ દિવસથી હાથતાળી દઈ ગયેલા મેઘરાજાએ નગરજનોની આશા પર પાણી ફેરવી દીધુ છે. પ્રારંભિક વરસાદના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચુ રહેવા પામે છે. પરંતુ વાદળો વિખરાઈ જવાથી સૂર્યના તાપના કારણે ભારે ઉકળાટનો માહોલ સર્જાય છે. આજે તો સવારે આકાશમાં છુટા છવાયા વાદળો જોવા મળ્યાં બાદ બપોર સુધીમાં આકાશ તદ્દન ચોખ્ખું થઈ જતાં ગરમી અને ઉકળાટના માહોલે નગરજનોને પરેશાન કરી મુક્યા હતા.

એક જ દિવસ વરસેલા વરસાદના કારણે નગરમાં અનેક ઠેકાણે નાના મોટા ખાબોચિયા ભરાઈ જવા પામ્યાં છે. તેમજ ખુલ્લા પ્લોટોમાં પણ વરસાદી પાણી ભરાઈ જવા પામ્યું છે. આ ભરાઈ રહેલા વરસાદી પાણીને કારણે મચ્છરોની ઉત્પત્તિમાં પણ વધારો થઈ જવા પામ્યો છે. એક તરફ વરસાદી મોસમના પાંખોવાળા મકોડા સહિતની જીવાત અને બીજી તરફ મચ્છરોના કારણે નગરજનોએ સાંજના સમય પછી ઘરના બારી-બારણાં બંધ રાખવા પડે છે. તંત્ર દ્વારા સત્વરે વરસાદી પાણી ભરાઈ રહેલા ખાબોચિયાઓમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે. કારણ કે જો સમયસર પગલાં નહીં લેવાય તો તાવ, મેલેરીયા જેવા રોગો માથું ઉંચકી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

બાલોદ્યાન - ગાંધીનગરના લોકપ્રિય સેક્ટર-૨૮ના ગાર્ડનમાં નવનિર્મિત તળાવની વચ્ચેનો ફુવારો આકર્ષણ જમાવે છે... વર્ષોથી ગાંધીનગરના નામ સાથે સેક્ટર-૨૮નો બગીચો બાળકોના માટે પીકનીકનું કેન્દ્ર રહ્યો છે... તડકી-છાંયડીનો અનુભવ સેક્ટર-૨૮ના બગીચાએ ખૂબ વખત કર્યો છે... ક્યારેક સાવ ઉપેક્ષિત તો ક્યારેક એકદમ વિકસીત... સમય પ્રમાણે સ્વરૂપ બદલતો બગીચો આજકાલ નવા સ્વરૂપમાં વિકસાવાયો છે... અને બાળકો માટે રમત-ગમત અને રાઈડ્સમાં બેસવાની મજા પડે એવો પીકનીક પોઈન્ટ બન્યો છે...

વરસાદ બાદ નવા સેકટરોમાં સફાઇ શરૂ શેરીઓની સ્ટ્રીટ લાઇટોમાં ધાંધીયા

ગાંધીનગર તા ૨૭

શહેરમાં વરસાદી ઋતુનો પ્રારંભ થયા બાદ સેકટરોમાં અવનવી સમસ્યાઓ ઉદભવી છે.સેકટરોની શેરીઓમાંથી કચરો ઉલેચવા સફાઇ કામદારોની ટીમ કામે લાગી છે.જયારે સેકટરની શેરીઓમાં હજુ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઇટો ડુલ છે.જેના લીધે રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઇ જાય છે.

શહેરમાં ચોમાસાના પ્રારંભે ભારે વરસાદ વરસતા સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરી રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં ગંદકી સહિત ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા છે. વૃક્ષોની ડાળીઓ પણ યોગ્ય ટ્રીમીંગના અભાવે નમી પડી છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઇટો પણ ડુલ થઇ ગઇ છે. જેના લીધે સેકટરોમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. વરસાદના છાંટણા સાથે જ સ્ટ્રીટ લાઇટો ડુલ થતી હોવાથી આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે.વરસાદ બાદ ઉગતી સમસ્યાઓને ડામવા તંત્ર દ્વારા કામગીરી શરૂ કરી દેવાઇ છે. સેકટરોમાં શેરીઓની સફાઇ માટે સફાઇ કામદારો કામે લાગી ગયા છે.વરસાદ બાદ ઠેર ઠેર જોવા મળતા કચરાના ઢગને દુર કરવા તંત્ર કામે લાગ્યું છે. શહેરના ગ માર્ગ પરની ફુટપાથ આસપાસ પણ કચરાના ઢગ ખડકાયો છે.જેના પરિણામે મોર્નિંગ વોક કરનારાઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. શહેરમાં સેકટરના રહિશોની સમસ્યાઓને ડામવા તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીનું પરિણામ જાહેર

રસાકસીભર્યા ચૂંટણી જંગમાં સર્વશ્રી જયેશ ગામિત, વત્સલ વોરા, નંદુભાઈ પટેલ, દિપક પટેલ અને જયેશ રાવલ ભારે બહુમતિથી ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨૭

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની યોજાયેલ ચૂંટણીમાં શ્રી જયેશ ગામીત, શ્રી વત્સલ વોરા, શ્રી નંદુભાઈ પટેલ, શ્રી દિપક પટેલ અને શ્રી જયેશ રાવલને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

તા. ૨૫-૬-૧૫ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની યોજાયેલ ચૂંટણીમાં પાંચ બેઠક માટે ૧૦ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવ્યુ હતુ. ૧૨૦૦ થી પણ વધુ મતદારોએ આ ચૂંટણીમાં મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપીયોગ કર્યો હતો.

આજે સોસાયટીની મળેલ સામાન્ય સભામાં ચૂંટણીના પરિણામની વિધિવત્ ઘોષણા કરવામાં આવી હતી.

આ ચૂંટણીમાં સૌથી વધુ મત જયેશ ગામીતને મળતાં તેઓ પ્રથમ ક્રમે, દ્વિતીય ક્રમે શ્રી વત્સલ વોરા, તૃતિય ક્રમે શ્રી નંદુભાઈ પટેલ, ચતુર્થ ક્રમે શ્રી દિપકભાઈ પટેલ અને પાંચમા ક્રમે શ્રી જયેશ રાવલને મતો મળતાં તેઓ વિજયી જાહેર કરાયા હતા.

સચિવાલયના કર્મચારી જગતમાં આ ચૂંટણી રોચક અને રસાકસીભરી બની હતી. મતગણતરીમાં શરૂઆતથી અંતિમ સુધી આ પાંચેય વિજેતા ઉમેદવારોએ અન્ય ઉમેદવારો પર સરસાઈ બનાવી રાખી હતી.

ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૨.૫૨ લાખનો દંડ વસુલ્યો

આરટીઓએ બે મહિનામાં ૫૦૫ વાહનો ડિટેઈન કર્યા

ગાંધીનગર તા ૨૭

જિલ્લામાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ છેલ્લા એક માસમાં આર ટી ઓ તંત્ર દ્વારા ૧૩૧ વાહનો ડિટેઈન કરવામાં આવ્યો છે.જયારે તેની સામે રૂપિયા ૨.૫૨ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે. જો કે દંડની આ રકમ ગત એપ્રિલ માસની સરખામણીએ ઘણી ઓછી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

શહેરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ આર ટી ઓ તંત્ર દ્વારા દંડ વસુલી કરવામાં આવે છે. જેમાં મોટાભાગે રીક્ષાઓ તેમજ બાઈક ચાલકોની સંખ્યા વિશેષ હોવાનું પણ ધ્યાને આવ્યુ છે. છેલ્લા બે માસમાં તંત્ર દ્વારા નોંધપાત્ર દંડ વસુલવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યુ છે.છેલ્લા બે માસમાં તંત્ર દ્વારા રૂપિયા ૧૦ લાખથી વધુ રકમનો દંડ વસુલાયો છે.જયારે ગત એપ્રિલ મહિનામાં આર ટી ઓ દ્વારા ૩૭૪ વાહનો ડીટેઈન કરી રૂ ૭.૬૪ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.જયારે ગત મે મહિનામાં ૧૩૧ વાહનો

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા ભાઈ શ્રી નરેન્દ્રભાઈ ભટ્ટીના ધર્મપત્ની **સાધનાબેન**નું તા. ૨૬/૬/૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૯/૬/૨૦૧૫ને સોમવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
એસ-૪, પ્લોટ નં. ૨૦૪,
તન્મય એપાર્ટમેન્ટ,
સેક્ટર-૨૯, ગાંધીનગર

લિ.
ભૂપેન્દ્રભાઈ જે. ભટ્ટી
અનિલભાઈ જે. ભટ્ટી

સૌરાષ્ટ્રમાં ભારે તારાજીનો કોંગ્રેસ દ્વારા દાવો કરાયો

રાજ્ય સરકાર કાગળ પર સૂચનાનો મારો ચલાવવા બદલે સ્થળ પર મશીનરી કામે લગાડે તે ખુબ જરૂરી : ભરતસિંહ

અમદાવાદ, તા.૨૭

અતિવૃષ્ટિથી પ્રભાવિત સૌરાષ્ટ્રના અમરેલી જીલ્લાના વિવિધ ગામોની રૂબરૂ મુલાકાત બાદ પરિસ્થિતિનું આકલન કરીને રાજય સરકારને વધુમાં વધુ ઝડપી પગલા ભરી માનવીય અભિગમ અખત્યાર કરવા અપીલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદના કારણે ખાસ કરીને અમરેલી, ગીર-સોમનાથ, જુનાગઢ અને રાજકોટ જીલ્લાના અમુક તાલુકાઓમાં મોટા પાયે નુકસાન સાથે તારાજી થઈ છે. ખેતીમાં હજારો એકર જમીન સંપૂર્ણ પણે ધોવાઈ ગઈ છે. અગાઉ વર્ષ-૨૦૧૨માં રાજય સરકારની અધુરી વિગતના કારણે પાકવિમાની ચુકવણીમાં અન્યાય ત્યારબાદ ખેત-પેદાશોના ઓછા ભાવો મળવા અને વર્ષ-૨૦૧૫માં કમોસમી વરસાદથી ખેડુતોને ભારે નુકસાન જે અંગે આજદિન સુધી કોઈ પણ પ્રકારની રાહત ન મળતી તેવી વિષમ પરિસ્થિતિ વચ્ચે ભારે વરસાદે ખેડુતોની રહી-સહી હિંમત તોડી નાખી છે અને ભારે ધોવાણ સાથે ખેતીનો સંપૂર્ણ નાશ થયો છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓએ અમરેલી

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં વરસાદમાં બ્રેક મુકાઈ હોવા છતાં હજુ પણ ગુજરાતના વિવિધ ભાગોમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત પ્રદેશ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થઈ શકે છે.

દક્ષિણી મહારાષ્ટ્ર દરિયાકાંઠાથી કેરળ દરિયાકાંઠા પર મુખ્ય સ્થિતિ હાલમાં સર્જાઈ રહી છે. જો કે, હવામાન વિભાગ તરફથી કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આજે વરસાદમાં બ્રેક રહ્યો હતો. અમરેલીમાં હાલત લોકોની હજુ પણ કફોડી બનેલી છે.

બેસણું

અમારા પુ.પિતાશ્રી **કિરીટસિંહ તખુભા રાણા** (નિવૃત્ત-Dy.S.P) મૂળ વતન -ગામ તલવણી(જિલ્લો-સુરેન્દ્રનગર) હાલ ગાંધીનગર તા.૨૬-૬-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. **સદ્ગતનું બેસણું** નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

તા.૨૯/૬/૨૦૧૫ (સોમવાર)
સાંજે ૫ થી ૬ કલાકે
સ્થળ: પ્લોટ નંબર.૬૨૩/૨ શાંતિવન સોસાયટી સેક્ટર-૩૦,ગાંધીનગર

તા.૨/૭/૨૦૧૫ (ગુરૂવાર)
સાંજે ૫ થી ૬ કલાકે
સ્થળ: નીલમ હોટલ (હોલ) જામનગર ફ્રેન્ડ્સમાર્ટની બાજુમાં કોઠેરા ચોક કાલાવડ રોડ રાજકોટ

લિ.
નટવરસિંહ તખુભા રાણા
હરેન્દ્રસિંહ કિરીટસિંહ રાણા
પાર્થ હરેન્દ્રસિંહ રાણા
પુરૂષાર્થ હરેન્દ્રસિંહ રાણા

દિનાબા ભરતસિંહ જાડેજા
ભરતસિંહ કિશોરસિંહ જાડેજા
દેવવ્રતસિંહ ભરતસિંહ જાડેજા

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

લવિંગ-કુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
ફિલ્ટર સાથે
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.: 9909698314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com